નવી સેવા:વર્ષ 2011-12 (આયોજન હેઠળ)

3

13માં નાણાપંચની ભલામણો સંદર્ભમાં રાજ્યની ચાર પોલીસ તાલીમ સંસ્થાઓ તેમજ **N.S.G.** ટાઈપ કમાન્ડો તાલીમ કેન્દ્રના અપગ્રેડેશન માટેની કુલ રૂપિયા 67,96,00,000/-ની નાણાકીય જોગવાઈને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,

ગૃહ વિભાગ,

**ઠરાવ ક્રમાંક:તલમ/102010/2208/અ,**

સચિવાલય,ગાંધીનગર.

તારીખ::21/03/2012.

વંચાણે લીધા :-

(1) ગૃહ વિભાગનો સરખા ક્રમાંકનો તા.18/4/2011નો ઠરાવ.

(2) ગૃહ વિભાગનો સરખા ક્રમાંકનો તા.28/11/2011નો ઠરાવ.

ઠરાવ :-

નવી સેવા:વર્ષ 2011-12 (આયોજન હેઠળ) અંતર્ગત 13માં નાણાપંચની ભલામણો સંદર્ભમાં રાજ્યની ચાર પોલીસ તાલીમ સંસ્થાઓ તેમજ N.S.G. ટાઈપ કમાન્ડો તાલીમ કેન્દ્રના અપગ્રેડેશન માટેની રૂપિયા 11,79,00,000/- તેમજ, રૂપિયા 56,17,00,000/- એમ મળીને કુલ રૂપિયા 67,96,00,000/-ની અનાવર્તક ખર્ચની નાણાકીય જોગવાઈ વર્ષ:20011-12ના અંદાજપત્રમાં (આયોજન હેઠળ) કરવામાં આવેલ છે. જે અંગેના ખર્ચની વહીવટી મંજુરી ઉપર આમુખમાં ક્રમાંક:(1) આગળ દર્શાવેલ ઠરાવ અન્વયે આપવામાં આવેલ છે.

**2.** ઉપરોક્ત વહીવટી મંજૂરી પૈકી રૂપિયા 56,17,00,000/-ની ગ્રાન્ટની રકમમાંથી 35,58,50,000/-ની ગ્રાન્ટની રકમ ચાલુ નાણાકીય વર્ષમાં બાંધકામની કામગીરી માટે આમુખમાં વંચાણે લીધે ક્રમાંક(2) આગળના ઠરાવથી ઉ.સ.શ્રી(બજેટ)ને હવાલે મૂકવામાં આવેલ. ઉપરોક્ત રૂપિયા 56,17,00,000/-ની ગ્રાન્ટની રકમ પૈકીની બાકી રહેતી રૂપિયા 20,58,50,000/-ની ગ્રાન્ટની રકમ **ગૃહ વિભાગના સરખા ક્રમાંકના તા.18/4/2011ના ઠરાવની જોગવાઈઓ/શરતોને આધિન રહીને** આથી 13માં નાણાપંચની ભલામણો સંદર્ભમાં રાજ્યની ચાર પોલીસ તાલીમ સંસ્થાઓ તેમજ N.S.G. ટાઈપ કમાન્ડો તાલીમ કેન્દ્રના અપગ્રેડેશન માટે ઉ.સ.શ્રી(બજેટ)ને હવાલે આથી મૂકવામાં આવે છે.

**3.** આ અંગેનો થનાર ખર્ચ નીચે દર્શાવ્યા મુજબના હિસાબી સદર પેટે વર્ષ 2011-12 માં મંજુર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

| | |
|---|---|
| (1) માંગણી ક્રમાંક | 46 |
| (2) મુખ્ય સદર | 4055 – Capital Out lay on Police |
| (3) પેટા મુખ્ય સદર | 00 |
| (4) ગૌણ સદર | 211 Police Housing |
| (5) પેટા સદર | 09 – Building and Infrastructure Up-Gradation for Training Institutes -13th Finance Commission |
| (6) ખર્ચનો પ્રકાર | Plan |
| (7) ખર્ચનું હેડ ચાર્જેબલ (11 ડીઝીટ કોડ) | 4055 00 211 09 |
| (8) સ્કીમ કોડ | TDP-26 |
| (9) પ્લાન યોજનાનો 6 ડીઝીટ કોમ્પ્યુટર કોડ | 315525 |

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(ડી.આર.ભમ્મર)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ,
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
સચિવશ્રી,(ગૃહ),ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લી..ગાંધીનગર.
અધિક પોલીસ મહાનિદેશકશ્રી તાલીમ,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.
સંયુક્ત નિયામકશ્રી,ગુજરાત પોલીસ એકેડેમી કરાઈ, જિલ્લો: ગાંધીનગર.
નાણાકીય સલાહકારશ્રી(ગૃહ),નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
ઉ.સ.શ્રી(બજેટ) ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
ક-શાખા,નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર.
જિલ્લા તિજોરી અધિકારીશ્રી,ગાંધીનગર.
મુકામી તપાસણી અધિકારીશ્રી,ગાંધીનગર.
બજેટ-શાખા/ લ-શાખા/ બ-શાખા / સ-શાખા, ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
શાખા સિલેક્ટ ફાઈલ
ના.સે.અ.શ્રી સિલેક્ટ ફાઈલ.